અલખનો ઓટલો
ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ભક્તિરસમાં ઓળઘોળ ધનાભગતની મીઠી વાણી

*સરળ સ્વભાવના ધનાભગતમાં પિતા હરિભગતના ભક્તિ ગુણોનું આરોપણ નાનપણથી જ થયેલું હતું. કાયમ પિતા હરિભગતની સાથે ચોરે દેવદર્શને, ભજન કીર્તનમાં જવાના કારણે ધનાભગતમાં પિતાની ભક્તિમય રહેણીકરણીનો ઊંડો પ્રભાવ પડેલો. સાત વર્ષની ઉંમરે તો તેઓ ભજનકીર્તનમાં તાળીનો તાલ આપી પ્રભુમય બની જતા*

*રામબાણ વાગ્યા હોય તે જાણે, એ જી ઓલ્યા મૂરખા મનમાં શું માણે... રામબાણ...*
*ધ્રુવને વાગ્યાં, પ્રહલાદને વાગ્યાં, ઠરીને બેઠા ઠેકાણે;*
*ગર્ભવાસમાં સુકદેવને વાગ્યાં, વેદવચન પરમાણે... રામબાણ...*
*મોરધ્વજ રાજાના મન હરી લેવા, વ્હાલો પધાર્યા તે ઠામે;*
*કાશીએ જઈને કરવત મેલાવ્યાં, પુત્ર પત્ની બેઉ તાણે...રામબાણ...*
*બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને, રાણો ખડગ લઈ તાણે;*
*ઝેરના પ્યાલાં ગિરધર લાલે, અમૃત કર્યા એવે ટાણે...રામબાણ...*
*નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, ખેપ કરી ખરે ટાણે;*
*અનેક ભક્તોને આવી ઉગાર્યા, ધનો ભગત ઉર આણે...રામબાણ...*

**ધોળાગામમાં** કાકડિયા કુળમાં હરિ પટેલ કાકડિયા નામના ધર્મપરાયણ, સરળ સ્વભાવના પટેલ તથા તેમના પત્ની લાડુબાઈને ત્યાં ધના ભગતનો જન્મ વિ.સં.૧૭૯૫માં થયો. હરિ પટેલને બે દીકરા તથા એક દીકરી એમ ત્રણ સંતાનો હતા. તેમાં મોટા દીકરા રામબાઈ, વચેટ દીકરી અને સૌથી નાના દીકરા ભક્તરાજ ધનાભગત. નાનપણથી જ તેઓ સરળ સ્વભાવના હતા. તેમનામાં પિતા હરિભગતના ભક્તિ ગુણોનું આરોપણ નાનપણથી જ થયેલુ હતુ. કાયમ પિતા હરિભગતની સાથે ચોરે દેવદર્શને, ભજનક્ર્તિનમાં જવાના કારણે ધનાભગતમાં પિતાની ભક્તિમય રહેણીકરણીનો ઊંડો પ્રભાવ પડેલો. સાતવર્ષની ઉંમરે તો તેઓ ભજનકીર્તનમાં તાળીનો તાલ આપી પ્રભુમય બની જતા. ધના ભગતના જીવન સાથે અનેક ચમત્કારમય દંતકથાઓ જોડાયેલી સાંભળવા મળે છે. પિતા હરિભગત પોતાના ઘરમાં દરરોજ પ્રભુને થાળ ધરાવતા. પછી જ અન્ન આરોગતાં. એક્વાર તેમને બહાર જવાનુ થયુ. પુત્ર ધનાને પાસે બોલાવી કહ્યું – ‘ મારે બહારગામ જવાનુ છે આજે તું સમય થયે પ્રભુને થાળ ધરાવી દે જે ’ બાળક ધનાભગતે થાળમાં બાજરાના રોટલા પ્રભુને ધર્યા, પણ પ્રભુ જમતા નથી. ધનાને થયું પ્રભુને લુખો રોટલો નહીં ભાવતો હોય એટલે દોડીને ઘરમાંથી દૂધની ટબુડી લઈ આવ્યા અને થાળ સાથે મૂકી અને કહ્યુ... ‘ ભગવાન હવે જમી લ્યો...’ પણ ભગવાનની મૂર્તિ થોડું ભોજન કરે ? ધનાની આંખમાં આંસુ આવી ગયા. આમને આમ સાંજ પડી. પિતા અને મોટોભાઈ ઘરે આવ્યા, જોયુ તો ધનો પ્રભુની મૂર્તિ આગળ બેઠો બેઠો રડે છે. ધનાએ રડતા અવાજે કહ્યુ. ‘બાપુ તમે ભગવાનને થાળ ધરાવવા કહેલું , મેં સવારનો થાળ ધરાવ્યો છે પણ ભગવાન રિસાણા છે .. જમતા નથી..’ એની વાત સાંભળી સૌને હસવુ આવ્યું, પણ ભગવાન જમે તો જ મારે જમવું છે નહીંતર જમવુ હરામ’ એવી આકરી હઠ લઈ ધનો બેસી રહ્યો. રાત્રિના લગભગ દસ થયા હશે ત્યાં તો ઓરડામાં આરતી ઝાલરની ધીમો ધ્વનિ ધનાને સંભળાયો, ઠાકર મૂર્તિએ હાથ લંબાવ્યો, ધનાએ થાળ ઉપાડી પ્રભુના હાથમાં ધર્યો અને પ્રભુએ બાજરાના રોટલાનું બટકું ઉપાડી મોંમાં મૂક્યું. હાસ્ય ઝરતી આંખે ધના સામે જોઈ રહ્યા. ઠાકર જમે છે હવે પોતાને પણ કકડીને ભૂખ લાગી છે એ વાતનો ધનાને ખ્યાલ આવ્યો એટલે હાથમાંથી અડધો રોટલો ઝુંટવી લીધો અને પોતે ખાવા લાગ્યો..

આમ ભક્તિ કરતા ધનાની ઉંમર વીશ વરસની થઈ. મોટોભાઈ રામભાઈ ધનાભગતના ધર્મપત્ની ગંગાબાઈને આણું તેડી લાવ્યો, પરમાત્માની કૃપાથી ધનાભગતની પત્ની ગંગાબાઈ પણ ધર્મપરાયણ હતાં. અને ધનાભગતની પ્રભુભક્તિના પૂરક હતાં. બંને પતિ–પત્ની ભક્તિ રંગે રંગાઈ ગયા. પરંતુ ધનાભગતને એક પરમ ગુરુની ખોટ સાલતી હતી. કોઈ સમર્થ ગુરુ મળી જાય તો બેડો પાર થાય. એમ સતત વિચારતા ધનાભગતને



શ્રી કાસમબાવાના શિષ્ય દાદુભગતનો મેળાપ થયો. દાદુભગતના ગુરુ કાસમબાવા મૂળ તો પંચાળના પણ પીપરાળી ગામે તેમણે જગ્યા કરેલી. અને ત્યાં જ ભક્તિ સાધના કરતા. દાદુભગત પોતાના ગુરુને મળવા પીપરાળી અવારનવાર જતા તેથી ધનાભગતે પણ પીપરાળીની વાટ પકડી.થોડા સમય પછી દાદુભગતને જગ્યાનો વહીવટ સોંપી કાસમબાવાએ જીવતાં સમાધી લીધી અને દાદુભગતે ધનાને શિષ્ય બનાવી સંતસાધનાની દીક્ષા આપી. ધનાભગત પોતાની ખેતીનું કામ કરતાં કરતાં સંતોની સેવા કરતા રહ્યા. એક વાર પોતાના ખેતરમાં ઘઉંની વાવણી કરવા ઘરમાં જેટલું બિયારણ હતું તે લઈને નીકળ્યા પણ રસ્તામાં એક સાધુઓની મંડળી હાથમાં ઝાઝા પખાજ, દોકડ, તંબુરો લઈ એક્તાલે ભજન ગાતી ચાલી આવતી જોઈ. ધનાભગતે સૌને ‘સીતારામ’ કર્યા. સાધુઓએ પણ સામા ‘સીતારામ’ કર્યા. એક સાધુ એ ધનાભગત સામે જોઈને કહ્યું : ભગત ઈન સાધુઓને કલસે મૂંહમે અનાજકા એક દાના નહીં ડાલા. સબ સાધુ ભૂખે હે..’ સાધુની વાણી સાંભળી વાવણિયા સાથે બાંધેલી ઘઉંની કોથળી એમણે સાધુની જોળીમાં ઠાલવી દીધી.

બિયારણ તો હવે ઘરમાં હતું નહીં. મોટાભાઈની બીક હતી, એટલે ખાલી કોથળીમાં ભગતે ઝટઝટ રેતી ભરી લીધી અને જાણે સાથે જ ઘઉં ભર્યા હોય એમ બધુ દુઃખ ભૂલી ભગતે હળ જોડી ઘઉંની જગ્યાએ રેતી વાવી દીધી .

થોડા દિવસોમાં વાડીમાં તુંબડાના વેલા ફૂટી નીકળ્યા. ભગત વિચાર કરે કે – આ તુંબડામાંથી સારા–સારા રામસાગર બનશે. એક એક રામસાગર બનાવીને ગામડે ગામડે મોકલશું તો સૌ પ્રભુભજન કરશે અને મારા વ્હાલાની ભક્તિ કરશે. મને મહાન પુણ્ય મળશે. પણ મોટોભાઈ રામ અકળાયો. આ તુંબડાથી તારું પેટ નહીં ભરાય એમ કહી જોરથી એક પાટું માર્યુ અને રામભાઈની આંખ પહોળી થઈ ગઈ. તુંબડુ ફાટતાં જ અંદરથી મૂઠી ફાટે તેવા, નજર ન મંડાય તેવા ધોળિયા ઘઉંનો ઢગલો થયો. વાયુવેગે આ વાત સીમમાં, ગામમાં અને આજુબાજુનાં ગામડામાં પ્રસરી ગામેગામથી લોક ધોળા આવવા લાગ્યું અને ધનાભગતની વાડીએ મેળો જામવા લાગ્યો.

ધીમે ધીમે વાત શિહોર મહારાજાશ્રી વજેસિંહજી પાસે પહોંચી. પ્રજા વત્સલ, નેક, ન્યાયી રાજા વનેસિંહજી પોતાના રાજ્યના એક ગામડામાં આવા સંત વસે છે, જાણી ખૂબ આનંદમાં આવી ગયા. ભગતને મળ્યા, ધનાભગતની વાતો સાંભળી વજેસિંહજીની છાતી ગજગજ ફૂલી હરખ અને પ્રેમનું ઝરણું ફૂટયું. અનહદ આદર ઉપજયો. તુરત તાંબાનુ પતરું મંગાવ્યું અને ધોળાની જમીનની જે ફોરમ કે અન્ય કોઈ વસૂલાત લેણી નીકળતી હોય તે આજથી માફ, તેમની પાસે જે જમીન છે તે તેમને રાજ્ય તરફથી લાલ લીટીએ અર્પણ, અને અન્ય જે કાંઈ મદદ જોઈતી હોય તો ગમે ત્યારે આપવી. એવું લખાણ કરી આપ્યું.

કેટલોક સમય ગયા પછી ધનાભગતે સમાધિ લેવાનુ જાહેર કર્યું.સંત મેળો થયો, સંતોના આશીર્વાદ લઈ અને વિક્રમ સંવત ૧૯૦૧ના અષાડ સુધી પાંચમને ગુરુવારે ધનાભગતે જીવતાં સમાધિ લઈ લીધી.

વિ.સંવત ૧૯૦૧ના અષાડ સુધી પાંચમને ગુરુવારે ધનાભગતે જીવતાં સમાધિ લીધી .ત્યાર બાદ જગ્યાનો વહીવટ એમના પુત્ર દિયાળ ભગતે સંભાળી લીધો અને ધનાભગતની સમાધિ ઉપર મંદિરનુ બાંધકામ ઉપાડયું જે સંવત ૧૯૦૫માં પૂરું થયું. સં.૧૯૦૫માં શ્રાવણ સુદ તેરશને રવિવારે ચરણ પગલાં પધરાવી મંદિરની સ્થાપના કરી અને રામ, લક્ષ્મણ, સીતાજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરી. સદાવ્રત ચાલ્યું રહ્યું. દિયાળ ભગતને સંતાનમાં દીકરો ન હોવાથી પોતે ઉંમરલાયક થતાં મોટી માંડવી ગામેથી ભાણેજ ધામેલીયા કાળાભગતને તેડાવ્યા અને જગ્યાનો વહીવટ કાળાભગતને સોંપ્યો. સંવત ૧૯૩૬ના કારતક સુદ અગિયારસને સોમવારે દિયાળભગત દેવ થયા. દિયાળભગતની સમાધિ ઉપર શ્રી પંચનાથ મહાદેવનું મંદિર કાળાભગતે બંધાવ્યુ અને ખંતપૂર્વક સંત મેળો તથા મંડપ કરી પ્રતિષ્ઠા કરી. દિયાળભગતના ચરણપાદુકા સંવત ૧૯૪૧નાં વરસે કારતક સુદ અગિયારસને ગુરુવારે પધરાવ્યા. ઉંમર થતાં કાળાભગત દેવ થયા. કાળાભગતના બંને દીકરા ગોપાળભગત તથા જાદવભગત સાથે જગ્યાની દેખભાળ રાખવા લાગ્યા. સાથે ખેતીકામ પણ સંભાળતા. ઉંમર થતાં મોટાભાઈ ગોપાળભગત દેવલોક સિધાવતાં જાદવભગતે જગ્યાનો વહીવટ સંભાળી લીધો. જાદવભગતે ગોપાળભગત પાછળ મંડપ કર્યો. સાધુ સંતોને તેડાવ્યા, જાદવભગતની ઉંમર થતા જગ્યાનો વહીવટ ગોપાળભગતના દીકરા ભગવાનભગતે સંભાળ્યો અને જાદવભગતના દીકરા પરશોતમભગતે ખેતીકામ સંભાળ્યું. ભગવાનભગત ઉંમર લાયક થતાં પ્રભુભક્તિમાં લાગી ગયા અને જગ્યાનું કામકાજ પરશોતમભગતને સોંપ્યું સં.૨૦૩૬ના આસો સુદ નોમને પૂ શનિવાર તા.૧૮/૧૦/૮૦ના રોજ ભગવાનભગત દેવલોક પામ્યા, અને પરશોતમભગતે જગ્યાનું કામકાજ સંભાળેલું.આજે એમના વંશજો જગ્યા સંભાળે છે અને સંતસેવા કરે છે.. ■

## આચમન (ત્રીજા પાનાનું ચાલુ)

બાપાના સાન્નિધ્યમાં આવનારના દુઃખ દર્દો પણ ગાયબ થઈ જતા.

એક વાર રાજકોટના ઠાકોર સાહેબને ત્યાં નોકરી કરતાં ત્રણ આરબો તેમને ત્યાં આવ્યા. આ ત્રણ આરબોએ ઠાકોર પાસે ચાર રૂપિયાના પગાર વધારાની માગણી કરતા ઠાકોરે તેમને કાઢી મૂક્યા. એ જમાનામાં ચાર રૂપિયાની ઘણી મોટી રકમ ગણાતી હતી. ફરતા ફરતા રસ્તામાં આરબોએ કેટલાક પક્ષીઓનો શિકાર કર્યો અને તેમને થેલામાં મૂક્યા. તેઓ જ્યારે બાપાના સદાવ્રતમાં પહોંચ્યા ત્યારે બાપાએ તેમને ભોજન કરીને જવાનો આગ્રહ કર્યો. આરબોએ કહ્યું કે તેઓ મુસ્લિમ છે. ત્યારે જલાબાપાએ જવાબ વાળ્યો કે ભગવાનના દરબારમાં કોઈ હિન્દુ કે મુસ્લિમના ભેદ નથી. અહીં તો સહુ સરખા. ત્રણેય આરબો બાપાને ત્યાં જમ્યા તો ખરા પણ મનમાં ખોટું કર્યાનો અહેસાસ થયો. તેમને થયું કે તેઓ પાપ કરી રહ્યા છે. થેલામાં મરેલા પક્ષીઓ રાખીને બાપાના આશ્રમમાં જવું એ પાપતુલ્ય છે. એટલામાં બાપા બોલ્યા તમારા થેલામાં જે પક્ષીઓ છે તેને ગૂંગળામણ થાય છે. ચમકીને આરબોએ એક બીજા સામે જોયું અને થેલામાંથી પક્ષીઓ બહાર કાઢ્યા. તેમના આશ્ચર્ય વચ્ચે બધા જ પક્ષીઓ જીવતા હતા અને થેલામાંથી બહાર નીકળતા જ તેઓ સડસડાટ આકાશમાં ઊડી ગયા. હવે આરબોને થયું કે તેઓ કોઈ દૈવી વ્યક્તિની સામે બેઠા છે. તેઓએ જલાબાપાને માંડીને બધી વાત કરી અને જુનાગઢના ઠાકોરને ત્યાં નોકરી અપાવવા વિનંતી કરી. બાપા બોલ્યા કે આરબો પોતાનો ધણી ના બદલે. બાપા આટલું બોલ્યા ત્યાં જ રાજકોટના ઠાકોરને ત્યાંથી ઘોડેસ્વાર આવ્યો અને ત્રણેય આરબોને એમનો પગાર વધારો માન્ય રાખીને ઠાકોરે તેમને ત્યાં પાછા નોકરીએ બોલાવ્યાનો સંદેશો આપ્યો.

બાપાના ચમત્કારના આવા તો ઘણા પ્રસંગો છે. બાપાએ દુષ્કાળ પિડીતો માટે ખૂબ જ કામ કર્યું છે. એમણે જલાવેલી અલખની જ્યોત આજે પણ ચાલુ છે. ગામે ગામ જલાબાપાના મંદિરો બન્યા છે. આજે પણ જલાબાપાના ધામમાં ભક્તો સાથે બેસીને ઊંચ–નીચ, ગરીબ–તવંગરના ભેદ ભૂલીને એક પંગતમાં બેસીને એક સરખું ભોજન પ્રસાદરૂપે આરોગે છે.

એમના સદાવ્રતો દ્વારા બાપા આપણી વચ્ચે જ છે અને પ્રેરણાનો પયગામ પ્રસરાવી રહ્યા છે.

નાત–જાતના ભેદભાવ વગર ચોવીસે કલાક ચાલતા સદાવ્રતમાં સૌ એક જ પંગતમાં બેસી ભોજન આરોગી ધન્યતા અનુભવે છે. ■